પૃષ્ઠવાંચન

પુસ્તક:

# પ્રવચન - શાંતિનિકેતન

### ૧૩. પ્રેમનો અધિકાર

કાલે રાત્રે આ ગીત મારા મનમાં ગુંજતું હતું -

નાથ હે, પ્રેમપથે સબ બાધા ભાંગિયા દાઓ.
માઝે કિછુ રેખોના, થેકો ના દૂરે.
નિર્જને સજને અંતરે બાહિરે નિત્ય તોમારે હેરિબ.
સબ બાધા ભાંગિયા દાઓ.

[હે નાથ, પ્રેમના માર્ગની બધી બાધાઓ ભાંગી નાખો. વચમાં કશું રાખશો નહિ, દૂર રહેશો નહિ, નિર્જનમાં અને વસ્તીમાં, અંદર અને બહાર સદા તને જોઉં. બધી બાધા ભાંગી નાખો.]

પણ આ તે કેવી પ્રાર્થના! આ પ્રેમ કોની સાથે? માણસ કેવી રીતે એ વાત કલ્પી શક્યો અને મોઢેથી ઉચ્ચારી પણ શક્યો કે વિશ્વભુવનેશ્વરની સાથે તેને પ્રેમનો સંબંધ થશે?

વિશ્વભુવન કેટલું વિશાળ છે અને તેની તુલનાએ એક માણસ કેટલો તુચ્છ છે એવો જો ખ્યાલ કરીએ તો મોઢામાંથી શબ્દ જ ન નીકળે. બધા માણસોમાં હું ક્ષુદ્ર છું, મારાં સુખદુ:ખની કશી વિસાત નથી. સૂર્યમંડળમાં એક માણસ એક મૂઠી રેતીના જેવો તદ્દન સામાન્ય છે, અને આખા નક્ષત્રલોકમાં એ સૂર્યમંડળનું સ્થાન એટલું અલ્પ છે કે આંકડા વડે તેની ગણતરી કરવી પણ મુશ્કેલ છે.

એ બધા અગણિત અપરિચિત લોકલોકાંતરના વાસીઓ આ ક્ષણે જ એ વિશ્વેશ્વરના મહારાજ્યમાં પોતાની અકલ્પ્ય જીવનયાત્રા ચલાવી રહ્યા છે. એવા એવા જ્યોતિષ્કલોક અનંત આકાશના ઊંડાણમાં ડૂબી ગયેલા છે કે જેમનો પ્રકાશ યુગોનાં યુગો થયાં અવિશ્રામ પ્રવાસ કર્યા છતાં આજે પણ આપણા દૂરબીનના દર્શનના ક્ષેત્રમાં આવી પહોંચ્યો નથી. એ બધા અજ્ઞાત અદ્રશ્ય લોક પણ તે જ પરમપુરુષની પરમ શક્તિ ઉપર પ્રત્યેક ક્ષણે આધાર રાખી રહેલા છે. પણ આપણને તેની કશી જ ખબર નથી.

એવા જે અચિંતનીય બ્રહ્માંડના પરમેશ્વર - તેની સાથે આ કણનો કણ, અણુનો અણુ પ્રેમ કરવાની વાત કરે છે! એટલે કે તેના રાજસિંહાસન ઉપર તેની પાસે જઈને બેસવું છે! અનંત આકાશમાં નક્ષત્રે નક્ષત્રે તેમના જગત-યજ્ઞનો હોમાગ્નિ યુગયુગાંતર થયા બળી રહ્યો છે, હું તે યજ્ઞક્ષેત્રની અપાર મેદનીને એક છેડે ઊભો ઊભો કયા હકને જોરે દરવાનને કહું છું કે આ યજ્ઞેશ્વરની સાથે એક શય્યામાં મને સ્થાન આપવું પડશે!

મોટા થવાની માણસની આકાંક્ષાને હદ નથી, એ તો જાણીતી વાત છે. સાંભળ્યું છે કે એલેક્ઝાંડરે એ મતલબનું કહ્યું હતું કે એક પૃથ્વી જીતી એટલાથી મને સુખ નથી, બીજી એક પૃથ્વી હોત તો હું તેને જીતવા

નીકળી પડત. જેને બે વેળ ખાવાનું મળતું નથી તેને પણ કુબેરના ભંડારનાં સ્વપ્નાં આવે છે. માણસની આકાંક્ષા કોઈ પણ કલ્પનાને અસંભવિત માનતી નથી, એનાં પ્રમાણ અનેક છે.

માણસ જગદીશ્વર સાથે પ્રેમ કરવા માગે છે, એ પણ શું તેની એ અતિ-આકાંક્ષાનું જ એક ચરમ ગાંડપણ છે? તેના અહંકારનું જ એક અશાંત રૂપ નથી?

પણ આમાં તો અહંકારનું લક્ષણ જણાતું નથી. ઈશ્વરના પ્રેમને ખાતર જે માણસ ગાંડો થયો છે તે તો પોતાને દીન બનાવે છે, તે સૌની પાછળ ઊભો રહે છે, અને જેઓ ઈશ્વરના પ્રેમના દરબારના દરબારી છે તેમનાં ચરણની રજ મળે તોયે તે ધન્ય થઈ જાય છે. કોઈ પણ શક્તિ કે ઐશ્વર્યનો તે મોહતાજ નથી, તે બધું જ ત્યાગ કરવાને તૈયાર થયો છે.

એટલા માટે જ આખી સૃષ્ટિમાં મને એ જ સૌથી વધુ આશ્ચર્યજનક લાગે છે કે માણસ ઈશ્વરનો પ્રેમ ચાહે છે. શા માટે ચાહે છે? કારણ કે માણસને એ અધિકાર મળેલો છે. એ પ્રેમનો અધિકાર જેમણે ઊભો કર્યો છે તેમની સાથે પ્રેમ કરવો એમાં વળી ભય અને શરમ શાનાં?

**( "પ્રવચન શાંતિનિકેતન"માંથી પૃષ્ઠ વાંચન)**

**પ્રકાશન: ગુજરાતી સાહિત્ય પરિષદ http://gujaratisahityaparishad.org/**